**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૪/૭/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૨૧/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૪૨૦ લીટર દેશી દારૂ અને ૦૨ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>બળાત્કારની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૨૩/૧૫</u>**

**મેઘાણીનગર** : મેઘાણીનગર વિસ્તારમાં વિચરતી ૩૦ વર્ષના આશરાની માનસીક બિમાર મહિલાની એકલતા અને બીમારીનો લાભ લઇ, કોઇ અજાણી વ્યક્તિએ, કોઇ અજાણ્યા સ્થળે તા.૧૧/૫/૧૫ પહેલાં કોઇપણ સમયે મહિલા સાથે શરીર સબંધ બાંધી, મહિલાને ગર્ભવતી બનાવી છે. આ અંગેની ફરીયાદ તા.૧૩/૭/૧૫ નારોજ મેઘાણીનગર પોલીસે નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૨૪/૧૫</u>**

**ઘાટલોડીયા** : શિલ્પા શિવાજી ઠાકોર (ઉ.વ.૧૩)(રહે,ઇન્દિરા આવાસ, લક્ષ્મણગઢનો ટેકરો, સાંઇબાબા મંદિર પાસે, ઘાટલોડીયા) ને તા.૧૨/૭/૧૫ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણી વ્યક્તિ લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ શિલ્પાનાં પિતા શિવાજી ઠાકોરે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.ડી.ગઢવી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૨૫/૧૫</u>**

**સરદારનગર** : સીતાબહેન મહેરૂભાઇ પટેલ (ઉ.વ.૫૮)(રહે.સેક્ટર-૪/ડી ગાંધીનગર) તા.૧૩/૭/૧૫ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે સરદારનગર, ભદ્રેશ્વર ત્રણ રસ્તા પાસેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષનાં આશરાનાં) સીતાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧૮,૭૫૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સીતાબહેન પટેલે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ઝેડ.એમ.સિંધી ચલાવે છે.

**<u>નજર ચુકવી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૨૬/૧૫</u>**

**સાબરમતી** : કાંતાબહેન સતીષભાઇ પરમાર (રહે.શ્યામ સત્ય, સત્યમેવ હોસ્પીટલ પાછળ, ચાંદખેડા) તા.૯/૭/૧૫ સાંજના ૫/30 થી ૬/00 વાગ્યા દરમ્યાન સુભાષબ્રીજ આસ્થા કોમ્પલેક્ષથી મોટેરા ક્રોસ રોડ સાબરમતી સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક અને પાછળ બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષ તથા એક સ્ત્રી નાઓએ ભેગામળી નજર ચુકવી, કાંતાબહેનનાં ગળામાં પેહેરેલ સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૩૨,૦૦૦/- ચોરી કરી લીધુ હતુ. આ અંગેની ફરીયાદ કાંતાબહેન પરમારે તા.૧૩/૭/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કમલેશભાઇ અરૂણભાઇ ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૨૭/૧૫</u>**

**વસ્ત્રાપુર** : નાશીરખાન નીવાઝખાન પઠાણ (રહે, રોનકપાર્ક સોસાયટી, સારણી સોસાયટી પાસે, જીવરાજ પાર્ક રોડ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૭/૧૫ રાતનાં ૯/30 થી તા.૧૩/૭/૧૫ સવારનાં ૯/00 વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર એસ.જી.હાઈવે, ક્રોસવર્ડ બ્લોક-ઈ, મોન્ડીયલ રીટેલ પાર્ક ખાતે આવેલ સીમર્ગ એપ્લાયન્સીસ પ્રા.લી. નામનાં પોતાના સ્ટોરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સ્ટોરમાંથી રોકડા રૂપિયા ૩,૧૨,૪૦૦/- અને કોડેક કંપનીનો સ્ટીલ કેમેરો કિંમત રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૧૭,૪૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એસ શેખ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૨૮/૧૫</u>**

**એલીસબ્રીજ** : ભુપતભાઇ વનુભાઇ ઝાલીયા(ઉ.વ.૬૮)(રહે.ગાંધીગ્રામ, એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડની પાસે, ફુટપાથ ઉપર) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૭/૧૫ રાતનાં ૮/૪૦ વાગ્યાના સુમારે ભુપતભાઇનાં પત્ની દાનીબહેન (ઉ.વ.૬૦) નાઓ ગાંધીગ્રામ એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ બાજુમાં રોડ ઉપરથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન સ્કુટી નંબર જીજે.૨૭.એ.સી.૩૩૨૩ ના ચાલકે સ્કુટી બેદરકારી અને પુરઝડપે ચલાવી લાવતાં, દાનીબહેનને ટક્કર વાગતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, દાનીબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.વસાવા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દરીયાપુર :** અબ્દુલરહેમાન લાલમીયા શેખ (રહે. પીપળાવાળી પોળ, વાડીગામ, દરીયાપુર) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૭/૧૫ સાંજનાં ૬/30 વાગ્યા પહેલાં કોઇપણ સમયે અબ્દુલરહેમાનનાં પત્ની શનાબાનુ (ઉ.વ.૫૪) દરીયાપુર પ્રેમદરવાજા નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એ.એમ.ટી.એસ. બસ નંબર જીજે.૦૧.સી.વાય.૨૩૮૨ ના ચાલકે પોતાના કબજાની બસ બેદરકારી અને પુરઝડપે ચલાવી લાવતાં, શનાબાનુને ટક્કર વાગતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એસ.સિંધવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૯/૧૫**

**મેઘાણીનગર :** કામીનીબહેન ડો/ઓ રામઅવતાર કશ્યપ (ઉ.વ.૧૯)(રહે.ગોકુલચંદની ચાલી, ચમનપુરા, મેઘાણીનગર) એ તા.૧૦/૭/૧૫ ના કલાક ૯/30 વાગ્યાના સુમારે કુટુંબના સભ્યો દ્વારા એક્સ સ્ટુડન્ટ તરીકે કોલેજનું ભણવાનું કહેતાં, મનમાં લાગી આવતાં, પોતાના ઘરે, પોતાની જાતે આર્યન નામની ગોળીઓ ખાઇ લેતાં, શરીરે અસર થતાં, સારવાર અર્થે આનંદ સર્જીકલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૭/૧૫ રાતનાં ૯/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇશ્વરભાઇ જીવાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)